સે. ૨૯ની સરકારી પ્રાથમિક શાળામાં સમર કેમ્પનો આરંભ કરવામાં આવ્યો

સરકારી પ્રાથમિક શાળા, સેક્ટર-૨૯/૧ ખાતે સમર કેમ્પનો પ્રારંભ આજથી કરવામાં આવ્યો છે. આ સમર કેમ્પ ૧૦મી સુધી કાર્યરત રહેશે. શાળાના શિક્ષકો દ્વારા સમર કેમ્પ અંતર્ગત વિદ્યાર્થીઓને વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી રહી છે. તા. ૯ ને રવિવારના રોજ ડ્રોઇંગ, ક્રાફ્ટ અને ૧૦મીના રોજ બટન ટાંકવા, ગણન, વાચન જેવી પ્રવૃત્તિઓ તેમને કરાવવામાં આવશે. જ્ઞાન સાથે ગમ્મત મળી રહે તેવી રીતે આ ઉપક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

જીઈબી સરકારી પ્રાથમિક શાળામાં સમર કેમ્પ ચરમસીમાએ પહોંચ્યો

ગાંધીનગર, તા. ૮

સરકારી પ્રાથમિક શાળા, જીઈબી ખાતે તા. ૬ જૂનથી સમર કેમ્પનો આરંભ કરવામાં આવ્યો છે. આ સમર કેમ્પ ૧૦મી સુધી કાર્યરત રહેશે.

શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓ, શિક્ષકો અને શાળા પરિવાર દ્વારા આ સમર કેમ્પ અંતર્ગત તાલીમાર્થી બાળકોને વિસરાતી જતી રમતો, કાગળકામ, કોલાજ વર્ગ, સુશોભન તાલીમ, ચિત્રકામ, વિજ્ઞાનના પ્રયોગો, મેદાની રમતો, કાર્ટુન વગેરે અંગે તાલીમ આપવામાં આવી રહી છે.

કેમ્પ અંતર્ગત ઝુમ્બા ડાન્સ, એરોબિક્સ, કસરત, યોગનું પણ એક સેશન ગોઠવવામાં આવ્યું હતું. કેમ્પ અંતર્ગત બાળકોને અલ્પાહાર પણ આપવામાં આવી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે તા. ૯ અને ૧૦ના રોજ આ સમર કેમ્પનું સમાપન આનંદમેળા સાથે કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની

વિદ્યાર્થિનીઓ જમ્પરોપ સ્પર્ધામાં ઝળકી

ગાંધીનગર, તા. ૮

છઠ્ઠી સાઉથ એશિયન જમ્પરોપ સ્પર્ધા ભૂતાન ખાતે તાજેતરમાં યોજવામાં આવી હતી, જેમાં ભાગ લઈને શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય, સેક્ટર-૭ની વિદ્યાર્થિનીઓએ ૩ ગોલ્ડ, ૭ સિલ્વર અને ૫ બ્રોન્ઝ સહિત કુલ ૧૫ મેડલ મેળવીને વિદ્યાલયનું ગૌરવ વધાર્યું હતું.

હેતલ શંકરભાઈ ચૌધરીએ ગોલ્ડ અને બ્રોન્ઝ મેડલ, ઊર્મિલા મેઘરાજભાઈ ચૌધરી ગોલ્ડ, મિત્તલ રમેશભાઈ ચૌધરીએ ગોલ્ડ, ઊર્મિલા કાનજીભાઈ ચૌધરીએ સિલ્વર, જીયા પ્રતાપભાઈ ચૌધરીએ સિલ્વર અને બ્રોન્ઝ, ખુશી મોઘજીભાઈ ચૌધરીએ સિલ્વર મેડલ, મહિમા રમેશભાઈ ચૌધરી સિલ્વર, નીરૂ દાનાભાઈ પટેલે સિલ્વર, અંજલી જગદીશભાઈ ચૌધરી બ્રોન્ઝ અને રીના અણદાભાઈ ચૌધરી બ્રોન્ઝ મેડલ જીતીને શાળાના ગૌરવમાં વધારો કર્યો હતો. શાળા પરિવારે શાળાનું ગૌરવ વધારનારી આ વિદ્યાર્થિનીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ હેકેથોનમાં ગાંધીનગરના વિદ્યાર્થીઓ ઝળક્યા



ગાંધીનગર, તા. ૮

સ્માર્ટ ગુજરાત ફોર ન્યુ ઈન્ડિયા હેકેથોન ૨૦૧૮-૧૯ નું રાજ્યનાં શિક્ષણ વિભાગ દ્વારા હાલમાં આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં સમગ્ર રાજ્યમાંથી વિવિધ ૧૫૪ વિભાગો માટે Innovative Projects સબમીટ કરવામાં આવેલ હતા. સમગ્ર રાજ્યમાં વિવિધ કૉલેજો અને વિદ્યાર્થીઓ દ્વારા ૧૮૭૪ પ્રોજેક્ટો રજુ કરવામાં આવ્યા હતા. પ્રથમ રીજ્યોનલ કક્ષાએ પ્રોજેક્ટો રજુ કરવામાં આવેલ. આ પ્રોજેક્ટોમાં વિવિધ બાબતો જેવી કે, ટ્રાફિક સમસ્યા નિવારણ, આરોગ્યને લગતા, ઈ-સેન્સીંગ ગાર્બેજ સિસ્ટમ, શિક્ષણને લગતા પ્રોજેક્ટ સાંકળવામાં આવ્યા હતા. રીજન કક્ષાએથી સિલેક્ટ થયેલ પ્રોજેક્ટને સેન્ટ્રલ કક્ષાએ રજુ કરવામાં આવ્યા હતા, જેમાંથી પ્રથમ ચાર આવેલ પ્રોજેક્ટને રાજ્યના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે પારીતોષિક એનાયત કરવામાં આવ્યા હતા.

ત્રીજા ક્રમનું પારીતોષિક રૂ.૨૫,૦૦૦/- અને સર્ટીફીકેટ ગાંધીનગરની ટીમને પ્રાપ્ત થયું હતું. કમ્પ્યુટર એન્જિનીયરિંગના ચોથા સેમેસ્ટરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી દીપ શાહ, દીપ પટેલ, શાર્દુલ નાયક, હિમાંશુ, હર્ષ, જયસિંહ, કાર્તિક પટેલ અને નિકુંજ આ ટીમમાં સામેલ હતા. આ ટીમ દ્વારા સ્માર્ટ ચલણ, સ્માર્ટ ગાર્બેજ સિસ્ટમ પ્રોજેક્ટો રજુ કરી આ સફળતા પ્રાપ્ત કરવામાં આવી હતી.

સંસ્કાર ગ્રૂપ દ્વારા આજે વૃક્ષારોપણ અને જ્ઞાનવર્ધક રમતો

ગાંધીનગર, તા. ૮

બાળકોની પ્રવૃત્તિ કરતી સંસ્થા સંસ્કાર ગ્રૂપ દ્વારા રવિવારે વૃક્ષારોપણ પદ્ધતિ વિશે વિગતે સમજ આપવામાં આવશે. આ સાથે ૫૦ વૃક્ષોના આરોપણ અને ઉછેરનો સંકલ્પ પણ લેવામાં આવશે. ઉપરાંત બાળકોનાં જ્ઞાન અને બુદ્ધિનો વિકાસ થાય તે માટે તેમને વિવિધ રમતો રમાડવામાં આવશે. ગ્રૂપનાં બાળકોને ગરમીમાં ઠંડકનો અહેસાસ થાય તે માટે ગુલાબનું શરબત પણ પીવડાવવામાં આવશે.

સેક્ટર-૭ના જાહેર ઉદ્યાન ખાતે સાંજે ૬.૩૫થી ૭.૩૦ સુધી આ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

જન્મદિને વધામણી

ક્વિતી વિપુલ ચૌહાણ

શ્રદ્ધા હરીશકુમાર પ્રજાપતિ
મો. ૯૯૦૪૧ ૫૩૬૮૯

રમ્ય અલ્પેશ પટેલ
મો. ૯૮૭૯૨ ૩૫૩૦૬



અનીતા જયેશ પટેલ
ભાજપ, ગાંધીનગર મહિલા મોર્ચા મહામંત્રી

ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારમાં સેવાકાર્યો

ગાંધીનગરની સેવા સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારનાં સુનોક, શોભાયડા, ગડાદર તથા ખારી મુકામે કુલ ૧૨૧ લાભાર્થીઓને ૩ કિગ્રા ચોખા તથા જરૂરિયાતમંદોને ચપ્પલ આપવામાં આવ્યા હતા. કુલ ૭ ગામોના લાભાર્થીઓ અહીં એકત્ર થયા હતા. શ્રી ગજાનન સેવા સમિતિ તરફથી આ સેવાકાર્યમાં સંપદા, સમર્થ, યોગેશ અને મિલિન્દભાઈ જોડાયા હતા.

અંગ્રેજીના વાયરાની લૂ રાષ્ટ્રના સ્વાભિમાનને દઝાડશે

માતૃભાષા-ચિંતન
હર્ષદ પ્ર. શાહ

'સાપ ગયા ને લિસોટા રહ્યા' એ કહેવતી જેમ અંગ્રેજો ગયા પણ અંગ્રેજિય રહી ગઈ એવી પ્રતીતિ આપણને સહુને થતી હશે. આપણા દેશવાસીઓનાં અંતરમન પર ગુલામી એટલી હદે અંકિત થઈ ગઈ છે કે આપમને અંગ્રેજી ભાષાનું ચલણ ઓછું કરવાનું જરાય મન થતું નથી. જ્યાં સ્વભાષાના પ્રયોગથી ચાલતું હોય ત્યાં પરભાષાનો ઉપયોગ શા માટે? આ વાત સમજાય એવી નથી. આમ કરવાથી તો આપણે આપણી ભાષા અને આપણા શબ્દપ્રયોગો ભૂલી જઈશું અને ભાષાને લુપ્ત કરવાની.... મૃત્યુના મુખ તરફ ધકેલવાની પ્રક્રિયાના નિમિત્ત બની જઈશું. પોતાની જ ભાષાની અવગણના અને પરભાષાની આ ફેશન-પરસ્તી દેશના સ્વાભિમાનને કેટલું નુકસાન પહોંચાડે છે આ અંગ્રેજિયત! એની કલ્પના કરવાની સૂધબૂધ પણ આપણને રહી નથી. દેશના સુજ્ઞ અને સ્વાભિમાની લોકોએ જાગવાની જરૂર છે, બોલવાની જરૂર છે, સ્વમાનનો સાદ પાડવાની જરૂર છે. અને તો જ દેશનું સત્ત્વ, સ્વત્વ અને સ્વાભિમાન પુનઃ જાગૃત થશે.

પૃથ્વીના પટ પર ૨૦૦ જેટલાં રાષ્ટ્રો છે. બતાવો... એક પણ રાષ્ટ્ર કે જે પોતાની ભાષા, ભૂષા, ધર્મ, સંસ્કૃતિ કે જીવનમૂલ્યો ત્યાગીને પરરાષ્ટ્રના અંધાનુકરણના માર્ગે ચાલી ઉન્નતિ પામ્યું હોય. શાસકીય સ્વતંત્રતા મેળવ્યા પછી પણ આપણે આપણો મૌલિક રસ્તો ન શોધ્યો. પૂરી સંભાવના હતી કે આપણું શાસનતંત્ર, ન્યાયતંત્ર, શિક્ષણતંત્ર આપણને આપણી સંસ્કૃતિ અને પ્રકૃતિને અનુરૂપ ઘડી શક્યા હોત. પણ પરતંત્રતાનો ઓછાયો એટલો તો પ્રભાવશાળી બની રહ્યો કે આપણી ઘણી સારી બાબતોનો સમાવેશ આપણા તંત્રમાં ન કરી શક્યા. હજુ પણ થઈ શકે, મોડું નથી થઈ ગયું. આવશ્યકતા તો છે મોલિક ચિંતની, તદનુરૂપ કાર્યપદ્ધતિની અને સાચા માર્ગને નક્કી કરી એના પર ચાલવાની. એ માટે રાજા અને પ્રજા બંને સંકલ્પબદ્ધ જોઈએ.... સરકાર અને સમાજ બંને પ્રતિબદ્ધ જોઈએ. બંનેની સમજણમાં સમાનતા જોઈએ. આવું થાય તો ભારત સમગ્ર વિશ્વમાં સર્વોચ્ચ સ્થાન અવશ્ય પ્રાપ્ત કરી શકે.

ગુલામીના અવશેષોને પકડીને નિસરણી પર ચડવાથી લક્ષ્ય સુધી નહીં... નહીં... ને નહીં જ પહોંચી શકાય. ગુલામીના ભાવને શ્વાસમાં નહીં જ જ જવા દેવાય. દેશના હૃદયને સાચા અર્થમાં ધબકતું કરવું હોય તો એની નસેનસમાં સ્વત્વભાવનું રક્ત પહોંચાડવું પડશે. જનતા જનાર્દન છે, ઈશ્વરરૂપ છે. એની તાકાત અદ્‌ભુત છે. એ જાગી જાય તો બેડો પાર!

આજે દેશભરમાં જયારે ચર્ચા ચાલી રહી છે, કે, આપમે આપણા શિક્ષણમાં... આપણા જનજીવનમાં... આપણા કારોબારમાં અંગ્રેજી ભાષાનું સ્થાન શું હોઈ શકે? ત્યારે દેશનો દેશભક્ત અને સ્વાભિમાની નાગરિક શું બોલશે? એવી ભાષા બોલશે કે જે આજથી ૭૦ વર્ષ પહેલા ઈઝરાયેલ બોલ્યું હતું. ૧૭૦૦ વર્ષ પછી ઈઝરાયેલને પોતાની ભૂમિ પાછી મળી. સમગ્ર વિશ્વરમાં વેરવિખેર યહૂદી પ્રજા, જે બંજર ભૂમિમાં તણખલુંય ઊગતું નહોતું, એ ભૂમિને નંદનવન બનાવવા અનેક કષ્ટો વેઠીને... જે તે દેશમાં પોતાનું સર્વસ્વ છોડીને, ત્યાં વસવા કટિબદ્ધ થઈ. જાણો છો, એ નવોદિત રાષ્ટ્રના પહેલા શિક્ષણપ્રધાને સહુથી પહેલું પગલું શું ભર્યું હતું? 'આરી બેગ કાનન' નામના એ શિક્ષણમંત્રીએ સમસ્ત રાષ્ટ્રનો કારોબાર ઈઝરાયેલની મૂળ ભાષા 'હિબ્રૂ' માં જ થશે એવી ઘોષણા કરી હતી. એમણે આગ્રહ રાખ્યો હતો કે દેશના બધા લોકોનાં નામ પણ હિબ્રૂ ભાષાનાં જ હોય. માટે એમણે પણ પોતાનું મૂળ સ્પેનિશ નામ 'લિયોન' બદલીને 'આરી બેગ કાનન' કર્યું હતું. આજે પોતાની જ ભાષાને જીવંત કરી આખા દેશનો કારોબાર એ ભાષામાં ચલાવતું ઈઝરાયેલ વિશ્વનું અપ્રતિમ ઉદાહરણ છે. સ્વાભિમાન, સ્વાવલંબન અને સ્વત્વની આધારશિલા પર ખડું થયેલું આ રાષ્ટ્ર દુનિયામાં ઉચ્ચ શિખરે વિરાજમાન છે.

ઘણાને કદાચ ખબર નહીં હોય કે ખુદ ઈંગ્લન્ડની રાજભાષા પણ ૧૮૩૪ સુધી ફ્રેન્ચ હતી. ત્યાંના પણ કેટલાક સ્વાભિમાની મનુષ્યોમાં એ ગાળામાં સ્વત્વનો સળવળાટ થયો અને એમણે બ્રિટનની સંસદમાં ખરડો મૂક્યો કે આપણે આપણું બધું કામકાજ આપણી અંગ્રેજી ભાષામાં કરવું જોઈએ. ખૂબ વિરોધ થયો હતો પણ અંતે સ્વાભિમાનનો વિજય થયો અને ૧૮૩૪થી બ્રિટનની રાજભાષા અંગ્રેજી બની. પોતાની ભાષાને સમર્થ અને સમૃદ્ધ બનાવવા ખૂબ ઝઝૂમ્યા. ઉચ્ચ શિક્ષણનાં બધાં પુસ્તકો અને સમગ્ર અભ્યાસક્રમને જડમૂળથી બદલ્યો. પોતાની ભાષાને સમૃદ્ધ અને સ્વીકૃત બનાવવા માટે એમણે વિશ્વભરની ભાષાઓમાંથી શબ્દો લીધા અને આજે એ 'કોલોનિયલ લેંગ્વેજ' બની ચૂકી છે.

બહુ વિચારીને મેં 'કોલોનિયલ લેંગ્વેજ' શબ્દ વાપર્યો છે. લોકો એને વિશ્વભાષા ગણાવે છે, પણ વાસ્તવમાં એવું નથી. અંગ્રેજોએ જે દેશોને પોતાના ગુલામ બનાવી પોતાની ભાષાનો પ્રભાવ પાથર્યો, તે દેશો એમની કોલોની કહેવાય અને તેથી અંગ્રેજી એ માત્ર 'કોલોનિયલ લેંગ્વેજ' છે, વિશ્વભાષા નહીં. જગતના ઘણા દેશો એ ભાષાને ગણકારતા પણ નથી.

કોઈ કહેશે, ફ્રાન્સ કઈ ભાષામાં કામ કરે છે? જર્મની કઈ ભાષા બોલે છે? ચીન કઈ ભાષા બોલે છે? જાપાનની અને સ્પેનની ભાષા કઈ છે? આવાં બધાં પ્રગત, વિકસિત અને વિકાસશીલ રાષ્ટ્રો પોતપોતાની ભાષાનો જ અત્યંત આગ્રહપૂર્વક ઉપયોગ કરે છે... અંગ્રેજી ભાષાની છાયા પણ નથી પડવા દેતાં! વિશ્વનું વર્તમાન સર્વાધિત પ્રગત રાષ્ટ્ર અમેરિકા પણ બ્રિટનનું અંગ્રેજી જેમનું તેમ નથી સ્વીકારતું. એણે અંગ્રેજીને અમેરિકન સ્પર્શ આપીને પોતાનું સ્વાભિમાન પ્રગટ કર્યું છે.

શું આ બધાં રાષ્ટ્રો વિજ્ઞાન અને ટેકનોલોજીમાં પછાત છે? ના, એમણે પોતાની ભાષામાં પ્રયત્નપૂર્વક બધું જ્ઞાન ઉતાર્યું છે. તેઓ અંગ્રેજી ભાષાનાં ઓશિયાળાં નથી! .... અને આપણે? આપણું સ્વત્વ, આપણું સ્વાભિમાન ગિરવે મૂકીને આખેઆખા શિક્ષણને, સમગ્ર પ્રજાને અંગ્રેજીને હવાલે કરી દીધાં! બીજાં રાષ્ટ્રોમાંથી કંઈ ન શીખ્યા અને ગુલામીની બેડીઓને મજબૂત કરવાનું કામ જ કર્યે રાખ્યું. અંગ્રેજો અને અંગ્રેજીની ભ્રમજાળમાંથી આપણે ક્યારે મુક્ત થઈશું? રામાયણના મારિચ નામના માયાવી રાક્ષસની વાત યાદ આવે છે? સીતાજી જેવાં સીતાજી પણ જો સુવર્ણમૃગના માયાવતી સ્વરુપથી અંજાઈ જતાં હોય તો ભાઈ આપણો શું ગુનો? આપણે પણ અંગ્રેજી માયા અને પ્રભાવથી કેમ ન અંજાઈએ?

જાણો છો? વિશ્વનાં કેટલાં રાષ્ટ્રોમાં અંગ્રેજી ભાષાને અપનાવી છે? માત્ર બાર, બાકીના રાષ્ટ્રો સ્વતંત્ર રીતે વિકાસની નવી દિશાઓ અને નવા આયામો શોધી રહ્યાં છે. આપણા દેશમાં અંગ્રેજી જાણનારનું પ્રમાણ કેવળ ૪% છે. ૯૬% ને અંગ્રેજી લખતાં - બોલતાં ફાવતું નથી. પણ દુર્દૈવ એ છે કે ૪% મેકોલપુત્રો ૯૬% મહર્ષિપુત્રોને ભારે પડે છે. અનેક સમિતિઓ અને રાષ્ટ્રીય પરિચર્ચા ભલે કહે, પ્રાથમિક શિક્ષમ તો માતૃભાષામાં જ આપવું જોઈએ. પણ, આપણી સ્વાભિમાનહીન પ્રજાએ નક્કી કર્યુ છે કે હમ નહીં સુધરેંગે... હમ અંગ્રેજ કે જમાને કે હૈં!

અંગ્રેજીનો તાપ, અંગ્રેજી ભાષાની ગરમી રાષ્ટ્રીય સ્વાભિમાનને દઝાડી રહી છે. શીતળતા જોઈતી હોય તો માતૃભાષાનો કોઈ વિકલ્પ નથી. આ મહિનો નવાં, કોમળ ફૂલ જેવાં બાળકોના શાળા પ્રવેશનો મહિનો છે...

જરા, આ વિચારોને મનપ્રવેશ કરાવો, નિર્ણય સાચો થશે.

પ્રતિભાવ આવકાર્ય...
matrubhasha.gaurav@gmail.com

ગાંધીજીનો વિનોદ

॥ ૫૨મો મણકો ॥

૧૨૬ - મને સ્વયંસેવક જોઈએ

સ્વામી સત્યદેવ આઝાદીની લડતના એક બાહોશ લડવૈયા અને આગેવાન હતા. તેમની ઈચ્છા ઉત્તર પ્રદેશના નેતા થવાની હતી. તેમણે ગાંધીજી પાસે એવી માગણી મૂકી કે ઉત્તર પ્રદેશની કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે આપ મારી નિમણૂંક કરો તો હું સારી રીતે કાર્ય કરીશ.

ગાંધીજીએ વિનોદપૂર્ણ કટાક્ષ કર્યો કે, મને તો સ્વયંસેવકોની જરૂર છે, નેતાઓની નહીં.

૧૨૭ - તમારું કુટુંબ કેમ છે ?

મિ. ગાંધી.

તમારું કુટુંબ કેમ છે?

કસ્તૂરબા અને તેમના દીકરાઓનું કુટું એ અર્થમાં ઈંગ્લેન્ડમાં એક ભાઈએ પૂછ્યું.

ગાંધીજીને મન સમગ્ર ભારતનાં સ્ત્રી-પુરુષો અને બાળકોનો કુટુંબમાં સમાવેશ થતો હતો. તેથી તેમણે જવા આપ્યો,

મારું કુટુંબ ઘણી ખરાબ હાલતમાં જીવે છે અને ઘણું ગરીબ છે.

૧૨૮ - વાણિયાથી વેપાર વિના ન રહેવાય

એક વાર ગાંધીજી દક્ષિણ હિંદના પ્રવાસે ગયા હતા. ત્યારે કેટલીક ભણેલી બહેનો તેમને મળવા આવી. જાણીતી વ્યક્તિઓના હસ્તાક્ષર લેવાની તેમની એક હૉબી હતી. તેથી તેમણે ગાંધીજીના હસ્તાક્ષરની માગણી કરી.

સામાન્ય રીતે હરિજન ફંડમાં ઓછામાં ઓછા પાંચ રૂપિયા આપે તેમને ગાંધીજી હસ્તાક્ષર આપતા હતા. પણ આ બહેનો સમક્ષ ગાંધીજીએ એક શરત મૂકી.

ખાદી પહેરવાનું અને રોજ અડધો કલાક કાંતવાનું વચન આપો અને હસ્તાક્ષર લઈ જાઓ.

પેલી બહેનો ગાંધીજીની શરતથી મૂંઝવણમાં પડી. ગાંધીજીએ તેમને બિનશરતી હસ્તાક્ષર આપવા જોઈએ એવું માની તેમણે દલીલ કરી કે,

અમારી પાસે રવીન્દ્રનાથ ટાગોર જેવાના હસ્તાક્ષર છે. અને તમે નહીં આપો તો એ આશ્ચર્ય કહેવાય.

ગાંધીજી, શું કરું બહેન? હું એટલો વાણિયો છું કે વેપાર કર્યા વિના રહેવાતું નથી.

ગાંધીજીની શરત આકરી હતી પણ તેમના વિનોદથી હસતાં હસતાં બહેનોએ વિદાય લીધી.

'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર